## ચૂંટણી ચોતરેથી

● પ્રથમ તબક્કાની ૮૯ બેઠક માટે ૭૦૦થી વધુ ઉમેદવારીપત્રક ભરાયા.

● ઉમેદવારીપત્રક ભરવાના અંતિમ દિવસે બંને પક્ષોમાં ઠેર ઠેર બળવા થયા હતા.

● ભાજપના પ્રદેશ પ્રમુખ જીતુભાઈ વાઘાણી અને કોંગ્રેસના નેતા શક્તિસિંહ ગોહીલે અનુક્રમે ભાવનગર અને માંડવીથી ઉમેદવારી પત્રકો ભર્યા હતા.

● સુરતની લીંબાયત બેઠકના ભાજપના ઉમેદવાર સંગીતા પાટીલ ઘોડા પર બેસીને ઉમેદવારીપત્રક ભરવા ગયા હતા.

● ઝઘડીયા બેઠક પર ધારાસભ્ય છોટુ વસાવા સામે નીતિશકુમારના છોટુ વસાવાએ પણ ફોર્મ ભર્યું.

● આશાવર્કર આંદોલનના નેતા ચંદ્રિકાબેન સોલંકીએ સરકારી નોકરીમાંથી રાજીનામુ આપી વડોદરાની વાડી બેઠક પરથી ચૂંટણી લડશે.

● દ્વારકા બેઠક પર ભાજપના નેતા અરજણભાઈ કણઝરીયાએ બળવો કરી અપક્ષ ઉમેદવારી નોંધાવી છે.

● ભાજપના પૂર્વ કેબીનેટ મંત્રી અને પૂર્વ સાંસદ કાનજીભાઈ પટેલે પક્ષમાંથી રાજીનામુ આપ્યા બાદ તેમના પુત્ર સુનિલ પટેલે ગણદેવી બેઠક પરથી અપક્ષ ઉમેદવારી નોંધાવી છે.

● આજે જનવિકલ્પ પાર્ટી ચૂંટણી ઢંઢેરો જાહેર કરશે.

● નવસારી બેઠક પર બસપાના ઉમેદવાર ગુણવંત રાઠોડે ડીપોઝીટ પેટે પાંચ હજારની પરચૂરણ જમા કરાવતા સાત કર્મચારીઓને ગણતરીમાં લગાવાયા હતા.

● સુરતની કામરેજ બેઠક પર કોંગ્રેસના બે ઉમેદવાર અશોક જીરાવાલા અને દિનેશ કુંભાણીએ ઉમેદવારીપત્રો ભર્યા હતા.

● લાઠી તાલુકા પંચાયતના ઉપપ્રમુખ જનક તળાવિયાએ કોંગ્રેસમાંથી ટીકીટ ન મળતા અપક્ષ ઉમેદવારી નોંધાવી છે.

● દેડીયાપાડામાં કોંગ્રેસના પૂર્વ ધારાસભ્ય અમરસિંહ વસાવાએ અપક્ષ ઉમેદવારી નોંધાવી છે.

● બોટાદમાં કોંગ્રેસી ઉમેદવાર બદલાયા. મનહર પટેલના બદલે હવે ડી.એમ. પટેલને મેન્ડેટ અપાયું.

● ચોટીલાના ધારાસભ્ય અને સંસદીય સચિવ શ્યામજી ચૌહાણને ટીકીટ ન ફળવાતા રાજીનામુ આપવાની ધમકી આપી છે.

● ઉના ભાજપમાં ભારે અસંતોષ. જિલ્લા ભાજપના મહામંત્રી પ્રકાશ ટાંકે અપક્ષ ઉમેદવારી નોંધાવી.

● બાપુનગર બેઠક પર કોંગ્રેસના સંભવિત ઉમેદવાર હિંમતસિંહ પટેલ સામે ઉગ્ર વિરોધ.

● પાસના કન્વીનર દિલિપ સાબવાને કોંગ્રેસે ટીકીટ ન ફાળવાતા એનસીપીમાંથી ચૂંટણી લડશે.

# હાર્દિક પટેલનું રાજકીય એન્કાઉન્ટર કરવામાં ભાજપ સફળ

ભાજપ-કોંગ્રેસે ઉમેદવારોની પહેલી યાદી જાહેર કરી નાંખ્યા બાદ રાજકીય સમીકરણો બહુ જલદી બદલાઈ રહ્યા છે, ભાજપ કોંગ્રેસની યોજનામાંઓ ગાબડા પાડવા પાસમાં ભંગાણ પાડી રહ્યું છે. જ્યારે હાર્દિક અને કોંગ્રેસ પોતાની બગડતી બાજીને સુધારવા માટે ડેમેજ કંટ્રોલ કરી રહ્યા છે. હાર્દિક પટેલના કેટલાક સાથીઓએ ભાજપની યોજના પ્રમાણે પાસમાં રહીને જ પાસને નુકશાન કરવાનો તખ્તો ઘડી કાઢતા હાર્દિકે પાસનું વિસર્જન કરવાનો નિર્ણય લીધો હોવાની જાણકારી મળી રહી છે.




સુત્રોના જણાવ્યા પ્રમાણે હાર્દિકના સાથીઓ તેની સાથે કરી રહેલા વિશ્વાસઘાત અને પાસમાં રહીને જ આંદોલનને તોડી પાડવામાં આવેલી યોજનાને ઉલટી પાડવા હાર્દિકે પાસનું વિસર્જન કરી, પાસનો ભાજપના નેતાઓ ઉપયોગ ના કરી શકે તેવો નિર્ણય લીધો છે. સંભવત હાર્દિક તે અંગેની જાહેરાત હવે થોડા કલાકમાં કરે તેવી સંભાવના છે.

કોંગ્રેસ મોડી રાત્રે જાહેર કરેલી યાદીમાં કેટલાક ઉમેદવારોને બદલી નાખવામાં આવ્યા તેમાં પણ હાર્દિકની મહત્વની ભૂમિકા હોવાની જાણકારી મળી છે. હાર્દિકની સુચના માન્ય રાખી કોંગ્રેસે પોતાની યાદીમાં ફેરફાર કર્યા હતા.

સુત્રોની જાણકારી પ્રમાણે હાર્દિકે પાસના કોઈ પણ નેતાની ટિકિટ આપવાનો આગ્રહ કર્યો ન્હોતો, પણ પાટીદાર સહિત અન્ય કોમના જીતી શકે તેવા ઉમેદવારના નામની ચોક્કસ ભલામણ કરી હતી, જેના આધારે ગતરાત્રીએ જાહેર થયેલી યાદીમાં કોંગ્રેસના ઉમેદવારમાં ફેરફાર કર્યો છે. બીજી તરફ ગુજરાત સ્ટેટ ઈન્ટેલીઝન્સ



બ્યૂરોએ હાર્દિક ઉપર હુમલો થઈ શકે છે તેવી રીપોર્ટ પોલીસને કરતા હાર્દિકે રાજ્ય સરકાર તેની જાસુસી કરાવવા માગે છે, તેવો આરોપ મુકી સલામતી સ્વીકારવાનો ઈન્કાર કર્યો હતો, પણ હવે ભારત સરકારની સેન્ટ્રલ આઈબી દ્વારા પણ હાર્દિક ઉપર હુમલો થઈ શકે છે તેવો રીપોર્ટ રાજ્ય સરકારને મોકલવામાં આવ્યો છે.

આ રીપોર્ટ પ્રમાણે હાર્દિકને ગુજરાત પોલીસને બદલે સીઆઈએસએફનું રક્ષણ આપવાની પણ વાત કરવામાં આવી છે. જે અંગે ભારત અને ગુજરાત સરકાર એકાદ દિવસમાં નિર્ણય કરી હાર્દિકને સીઆઈએસએફનું રક્ષણ પુરૂ પાડશે.

# રાહુલ ગાંધીએ ગુજરાતને પર્યટન સેન્ટર માની લીધુ છે : અમિત શાહ





ભાવનગર, તા.૨૧

ભાવનગર પશ્ચિમમાં જીતુ વાઘાણીએ નામાંકન ભરતા પહેલા જનસભા યોજી હતી. જેમાં ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહ પણ હાજરી આપી હતી. આ પ્રસંગે સંબોધન કરતા અમિત શાહે કહ્યું હતું કે હું અહીં પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ તરીકે નહીં પણ જીતુ વાઘાણીને મિત્ર તરીકે તેમને જીતાડવા માટે આવ્યું છું. વધુમાં અમિત શાહે ભાવનગરની જનતા સમક્ષ આ સમયે કોંગ્રેસને પણ આડે હાથ હાથે લીધી હતી. અમિત શાહે કહ્યું કે કોંગ્રેસ પાર્ટી પાસે કોઇ મુદ્દો જ નથી. મેં તેમના આટલા ભાષણો સાંભળ્યો તેમનો શું મુદ્દો છે તે જ નથી સમજાતું. કોંગ્રેસ પાસે નરેન્દ્ર ભાઈના વિરોધ સિવાય કોઈ મુદ્દો નથી. પણ ભાજપ પાસે ગુજરાતના વિકાસનો મુદ્દો છે. અને તે મુદ્દા સાથે જ ભાજપ આગળ વધી રહી છે.

તેમણે કહ્યું કે હવે લોકોને તે નક્કી કરવાનું રહે છે કે ૧૯૯૫ પહેલા કોંગ્રેસે જે જાતિવાદની રમત રહી હતી તે પર જવું છે કે મોદીની વિકાસ, તેમણે નક્કી કરવું પડશે કે તેમને જાતિવાદનું સમર્થન કરવું છે કે મોદીના વિકાસવાદને સમર્થન આપવું છે. અમિત શાહે કહ્યું કે ૧૮ વર્ષના નવા મતદારને પૂછો કે કર્ફ્યૂ એટલે શું? તેમને ખબર જ નથી. કોંગ્રેસના એ કર્ફ્યૂના દિવસો હવે પાછા નહીં લાવવા દઈએ.

આ જનસભામાં અમિત શાહે કોંગ્રેસ ઉપાધ્યક્ષ રાહુલ ગાંધી પણ ટીખળ કરવાનું ચૂક્યા નહતા. તેમણે કહ્યું કે રાહુલ ગાંધીએ ગુજરાતને પર્યટન સેન્ટર માની લીધું છે. તે દર ત્રણ દિવસ અહીં આવી જાય છે. તેમણે કહ્યું કે ભલે રાહુલ અહીં આવે પણ રાહુલ ગાંધીએ ૧૦ વર્ષનો હિસાબ પણ આપે. કે તેમની સોનિયા મનમોહનની સરકારે ગુજરાત માટે જ્યારે કેન્દ્રમાં તેમની સરકાર હતી ત્યારે શું કર્યું. પીએમ મોદીએ તો આવતાની સાથે જ નર્મદા મુદ્દે ગુજરાતને રાહત આપી હતી. સર્જીકલ સ્ટ્રાઈલ કરી વિદેશમાં ભારતનું નામ રોશન કર્યું હતું પણ રાહુલ ગાંધી અને તેમની કોંગ્રેસની સરકારે શું કર્યું તેનો હિસાબ અમિત શાહે માંગ્યો હતો. સાથે જ આ પ્રસંગે તેમણે ૧૫૦ સીટો પર ભાજપની આવનારી ચૂંટણીમાં જીત થાય તેવો આશાવાદ પણ વ્યક્ત કર્યો હતો.

# ભાજપ હોય કે કોંગ્રેસ મહિલાઓને પ્રાધાન્યની બસ ખાલી છે વાતો

કોંગ્રેસ દ્વારા ગયા રવિવારે પ્રથમ તબક્કાની ૮૯ બેઠક પૈકી ૭૭ બેઠક પરના ઉમેદવારની યાદી જાહેર કરાઈ હતી. ત્યારબાદ વધુ નવ બેઠક પરના ઉમેદવાર ગઈ કાલે મોડી રાત્રે જાહેર કરાયા છે. પક્ષ હાઈકમાંડ દ્વારા જેડીયુ (જનતા દળ)ને ત્રણ બેઠક ફાળવાઈ છે દરમ્યાન પક્ષના સત્તાવાર ૮૬ ઉમેદવારની યાદીમાં ફક્ત ત્રણ મહિલાને ટિકિટ અપાતાં સંગઠનમાં વ્યાપક અસંતોષ ફાટી નીકળ્યો છે.

ભાજપે પહેલા તબક્કાની ચૂંટણીના ૮૯ બેઠકના ઉમેદવારો જાહેર કર્યા, જેમાં ૬ સીટ પર મહિલા ઉમેદવારો છે જ્યારે બીજા તબક્કાની ૯૮ બેઠકો અંતર્ગત કુલ ૪૬ બેઠક જાહેર કરાઈ છે તેમાં બે મહિલા ઉમેદવારોનો સમાવેશ થાય છે. ભાજપે ભૂજ-નીમાબહેન આચાર્ય, ગાંધીધામમાં માલતીબહેન મહેશ્વરી, ગોંડલમાં ગીતાબા જાડેજા, ભાવનગર (પૂર્વ)માં વિભાવરીબહેન દવે, લિંબાયતમાં સંગીતા પાટીલ, ખેડબ્રહ્મામાં રમીલાબહેન બારા, આંકલાવમાં હંસકુંવરબા રાજ, વડોદરા સિટીમાં મનીષાબહેન વકીલને ટિકિટ આપી છે.

પક્ષની બીજી યાદીમાં ફક્ત એક મહિલાને સ્થાન અપાયું છે. પહેલી યાદી પૈકી વરાછા રોડ, કામરેજ, જૂનાગઢ અને ભરૂચ એમ ચાર બેઠકના ઉમેદવાર બદલાયા છે. પરંતુ અગાઉના ઉમેદવાર કે બદલાયેલા ઉમેદવારમાં પણ એક પણ મહિલા નથી. જાણકાર સૂત્રો કહે છે પક્ષના ૭૭ ઉમેદવારની પહેલી યાદીમાં માત્ર બે મહિલાને ટિકિટ અપાઈ છે. નવસારી બેઠક પરથી ભાવનાબહેન પટેલ, ભાવનગર પૂર્વમાં નીતાબહેન રાઠોડને ટિકિટ ફાળવાઈ છે. આમ કોંગ્રેસની પ્રથમ તબક્કાની ચૂંટણી માટે માત્ર ત્રણ મહિલા ઉમેદવારને ચૂંટણી જંગમાં ઉતારાશે.

જાણકાર સૂત્રો કહે છે પક્ષના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ રાહુલ ગાંધીએ દક્ષિણ ગુજરાતના પ્રવાસ દરમ્યાન નવસારીથી જાહેર સભામાં પક્ષ મહિલાઓને ચૂંટણીમાં વધુને વધુ ટિકિટ ફાળવશે તેવી જાહેરાત કરી હતી. જોકે અત્યારે તો માંડ ત્રણ મહિલાઓને ચૂંટણી જંગ માટે પસંદ કરાતાં ખુદ રાહુલ ગાંધીની જાહેરાત પર પાણી ફેરવાઈ ગયું છે.

# ભાજપ આખી જ જાદુગરોની પાર્ટી છે : ભરતસિંહ

ગુજરાત વિધાનસભાની ચૂંટણી માટે પ્રથમ તબક્કાના મતદાન માટે ફોર્મ ભરવાનો સોમવારે છેલ્લો દિવસ છે. ભાજપ અને કોંગ્રેસના ઉમેદવારો એક પછી એક ફોર્મ ભરી રહ્યા છે ત્યારે રાજ્યમાં નેતાઓ વચ્ચે આરોપ-પ્રત્યારોપ પણ સતત ચાલુ જ છે. મંગળવારે અમિત શાહે



ભાવનગર ખાતે રાહુલ ગાંધી પર પ્રહાર કરતાં કહ્યું હતું કે, રાહુલ ગાંધીએ ગુજરાતને પર્યટન સ્થળ માની લીધું છે, તેઓ દર ત્રણ દિવસે અહીં આવી જાય છે. મેં તેમના આટલા ભાષણો સાંભળ્યા, પરંતુ તેમનો મુદ્દો શું છે, એ જ નથી સમજાતું. આનો જવાબ આપતા કોંગ્રેસ પ્રદેશ પ્રમુખ ભરતસિંહ સોલંકીએ પત્રકાર પરિષદમાં કરીને આપ્યો હતો. આ ઉપરાંત ચૂંટણી પ્રચારમાં ભાજપ ૩૬ જાદુગરોને ઉતારશે તેવા સમાચારને પગલે ભરતસિંહે કહ્યું હતું કે અમિત શાહ રાહુલ ગાંધી વિશે બોલવા સિવાય કોઈ કામ કરતા નથી. ભાજપ આખી જ જાદુગરોની પાર્ટી છે, ખોટા વચનો આપવા સિવાય કોઈ કામ કરતી નથી.

ભરતસિંહે કાશ્મીર મુદ્દે કેન્દ્ર સરકાર અને પીએમ મોદી પર નિશાન સાધ્યું હતું. તેમણે કહ્યું હતું કે, ભાજપના રાજમાં અનેક સૈનિકો માર્યા ગયા. મોટી મોટી વાતો કરનારા પીએમ આ મામલે ચૂપ છે. નેપાળ સાથેના સંબંધો પણ બગડી ગયા છે અને ચીનની સરહદે શું પરિસ્થિતિ છે, એ આપણે સૌ જાણીએ છીએ. આવી સ્થિતિ કોંગ્રેસના શાસનમાં ક્યારેય જોવા મળી નથી.

તેમણે કોંગ્રેસની ઉમેદવારોની યાદી અંગે વાત કરતાં કહ્યું હતું કે, રણનીતિના ભાગરૂપે હવે ઉમેદવારોની યાદી છેલ્લી ઘડીએ જ જાહેર કરવામાં આવશે.

# કોંગ્રેસ અગ્રણી શક્તિસિંહે માંડવી બેઠક માટે ઉમેદવારી પત્ર ભર્યું

કોંગ્રેસના સ્ટાર ઉમેદવાર અને સક્ષમ નેતા કહેવાતા શક્તિસિંહ ગોહિલે આજે કચ્છની માંડવી વિધાનસભા બેઠક પરથી પોતાનું ઉમેદવારી પત્ર ભર્યું હતું. તેમણે આજે પોતાના પક્ષના ટેકેદારો તેમજ બહોળા મિત્ર વર્તુળ અને શુભેચ્છકો સાથે સવારે ૧૧ કલાકે શાસ્ત્રી મેદાન, મુન્દ્રા ખાતે સંમેલનને સંબોધન કર્યા પછી પોતાનું ઉમેદવારી પત્ર ભર્યું હતું. ભાજપે શક્તિસિંહ સામે ક્ષત્રિય ઉમેદવાર વિરેન્દ્ર સિંહ જાડેજાને મેદાનમાં ઉતાર્યા છે. અબડાસા મતક્ષેત્રનું પ્રતિનિધિત્વ કરીને કચ્છના પાણી, ઘાંસચારો સહિતના પ્રાણ પ્રશ્નો વિધાનસભાના ફલક ઉપર રજુ કરવામાં અને તેને ઉકેલ લાવવામાં સફળ રહેલા શક્તિસિંહ ગોહિલને



ફરી વખત કચ્છ અને ખાસ કરીને માંડવી બેઠક માટે પસંદ કરવામાં આવ્યા હતા. શક્તિસિંહ ગોહિલ કાયદાશાસ્ત્ર એલ.એલ.એમ. ની પદવી તેમજ સાયન્સ ગ્રેજ્યુએટ અને પત્રકારત્વની ડિગ્રી ધરાવે છે. ગુજરાત કોંગ્રેસમાં તેમજ રાજકીય વર્તુળોમાં પણ શક્તિસિંહની ગણતરી ડાયનેમિક નેતા તરીકે થાય છે, શક્તિસિંહે વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે તેઓ લોકોના પ્રશ્નોનો વાચા આપશે. ત્યારે શક્તિસિંહ માંડવીની આ બેઠકથી વિરેન્દ્ર સિંહને આપશે ટક્કર.

# મતદારોને નેતાના વચન પર વિશ્વાસ રહ્યો નથી ત્યારે 'ઈમોશનલ અત્યાચાર' થાય છે

ભારતના નેતાઓ મત લેવા માટે ઘણીવાર મતદારો ઉપર જાદુ પાથરવાનો પ્રયાસ કરતા હોય છે. ઠાલા વચનો આપે છે પરંતુ મતદારોને નેતાઓના વચન પર વિશ્વાસ નહીં રહેતાં અને ચૂંટણી લડવા માટેના

## કવિ હૃદય વાજપેયી પ્રચારમાં કાવ્યાત્મ રજૂઆત કરી વિરોધીને ખૂશ કરતા હતા

મુદ્દા ખૂટી જાય ત્યારે તેઓ મતદાતાઓ ઉપર ઈમોશનલ અત્યાચાર કરે છે. મતદારોને ઈમોશનલી બ્લેકમેઈલિંગ કરે છે ત્યારે ભોળી જનતા તેમાં ફસાઈ જાય છે. આવા નેતાઓ કોંગ્રેસમાં છે અને ભાજપમાં પણ છે.

ઈન્દિરા ગાંધીની પર્સનાલિટી એવી હતી કે ભારત દેશમાં લોકો તેમને ચાહતા હતા. તેમને દેશની બેટીનું બિરૂદ આપવામાં આવ્યું હતું. તેઓ ભારતના પ્રિયદર્શિની હતા. તેમના નિધન પછી કોંગ્રેસમાં રાજીવ ગાંધીને આગળ કરવામાં આવ્યા હતા. કોંગ્રેસે ઈન્દિરા ગાંધીના નિધનના કારણે દેશભરમાં બહુમત મેળવ્યો હતો. આ ઈમોશનલ સમય હતો. સહાનુભૂતિના વોટ કોંગ્રેસને મળ્યા હતા.

એવી જ રીતે અટલ બિહારી વાજપેયીની છબી પણ અદ્દભૂત હતી, તેમના ચૂંટણી પ્રવચન સાંભળવા કોંગ્રેસના નેતાઓ અવશ્ય જતા હતા. વાજપેયી ગરીબની બોલી બોલતા હતા. મધ્યમ વર્ગની બોલી બોલતા હતા. રિયાલીટી હોય તેનું બયાન તેમના ભાષણમાં કરતા હતા. તેમને મોડરેટ પ્રકારના નેતા કહેવામાં આવે છે. ચૂંટણીમાં તેઓ પ્રતિસ્પર્ધી નેતાઓનો પ્રેમથી વિરોધ કરતા હતા. આરોપ પણ હસતાં હસતાં એવા કરે કે વિરોધી પાર્ટીના નેતાઓ તેને સંવેદનશીલતાથી લેતા હતા.

રાજકીય દૃષ્ટિએ સામાન્ય પ્રચલિત માહિતી જોઈએ, તો વાજપેયી એટલે એ નેતા કે જેમના વિશે દેશનાં પ્રથમ વડાપ્રધાન જવાહરલાલ નહેરૂએ ભવિષ્ય ભાખી દીધુ હતું કે આ યુવાન એક દિવસ દેશનો વડાપ્રધાન બનશે, વાજપેયી એટલે એ વિદેશ પ્રધાન કે જેમણે પહેલી વખત સંયુક્ત રાષ્ટ્ર મહાસભામાં હિન્દીમાં પ્રવચન આપ્યું અને એ જ વાજપેયી એટલે દેશનાં એક ભૂતપૂર્વ વડાપ્રધાન.




હકીકતમાં ભાષણ શૈલીમાં કટાક્ષ અને કઠોર હૃદયી લાગતાં અટલ બિહારી વાજપેયીનાં કાવ્યો તેમના શૌર્ય, સાહસ, સહિષ્ણુતા, રાષ્ટ્રપ્રેમ, વ્યથા પ્રસાર, વ્યંગ પ્રસારનું માધ્યમ હતાં. તેમણે અનેક કવિતાઓની રચના કરી, પરંતુ કવિતાઓની રચના કરતાં પણ મોટી વિશેષતા એ હતી કે અટલજી પોતાનાં કવિ હૃદયને યોગ્ય સમયે જ પ્રગટ કરતાં અને એવી રીતે પ્રગટ કરતાં કે વિરોધીઓ માત્ર મૌન જ નહોતા થઈ જતાં, બલ્કે વાજપેયી પ્રત્યે તેમના મનમાં આદર વધી જતો હતો.

## ઇમોશનલ અત્યાચાર એક એવું હથિયાર છે કે મતદારો તેમાં પિગળી જાય છે

એક તબક્કે એવું કહેવાતું હતું કે—ઈન્ડિયા એટલે ઈન્દિરા અને ઈન્દિરા એટલે ઈન્ડિયા. આજે કહેવાય છે કે—ઈન્ડિયા એટલે મોદી અને મોદી એટલે ઈન્ડિયા. આ બન્ને શક્તિશાળી નેતાઓના કારણ દેશ ઓળખાતો હતો અને ઓળખાય છે. આવા બીજા કોઈ વડાપ્રધાન થયા નથી કે તેમની ઓળખ સાથે ઈન્ડિયા જોડવામાં આવ્યું હોય.

રાજીવ ગાંધીના અવસાન પછી આ જ કોંગ્રેસે રાજીવના બલિદાન ઉપર વોટ મેળવ્યા હતા. આ ઈમોશનલ અપીલ હતી. હવે કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ સોનિયા ગાંધી અને ઉપાધ્યક્ષ રાહુલ ગાંધી પણ ઈન્દિરા અને રાજીવના બલિદાનને યાદ કરી દેશની જનતા સમક્ષ ઈમોશનલ પ્રચાર કરવાનું ચૂકતા નથી.

બીજી તરફ ભાજપના નેતાઓ શ્યામાપ્રસાદ મુકરજીના નામે, મહાત્મા ગાંધી અને સરદાર પટેલના નામે લોકો ઉપર ઈમોશનલ જાદુ કરી રહ્યાં છે. ભાજપના વડાપ્રધાન નરેન્દ્ર મોદી તો પોતાની ઉપર જ ઈમોશનલ બની જાય છે. ચૂંટણી પ્રચારમાં તેઓ કહે છે કે મેં ગુનો કર્યો હોય, ભ્રષ્ટાચાર કર્યો હોય તો મને ફાંસીએ લટકાવી દેજો. કોંગ્રેસ મને જેલમાં ધકેલવા માગે છે. જીવન પર્યંત હું ભારત દેશની સેવા કરવા માગું છું. સેક્યુલારિઝમના નામે રાજકારણ નહીં રમું, એના બદલે હું હારવાનું પસંદ કરીશ. હું ઉત્તર ગુજરાતનો બેટો છું. આવા વાક્યોથી

## વિરોધી દળના નેતાઓ ઉપર ચાબુક વિંઝતા છતાં વાજપેયી પ્રત્યે આદર રહેતો

તેઓ મતદારો ઉપર પ્રભાવ ઉભો કરી રહ્યાં છે.

ઈમોશનલ અત્યાચાર એક એવું હથિયાર છે કે મતદારો તેમાં પિગળી જાય છે. દેશની સુરક્ષાની બાબત હોય કે જવાનોની દેશભક્તિ-આ હથિયાર આગળ આવી જાય પછી વિકાસની યોજનાઓનું કોઈ મૂલ્ય હોતું નથી. ભારતના વડાપ્રધાન જ્યારે ગુજરાતના મુખ્યમંત્રી હતા ત્યારે કોંગ્રેસના અધ્યક્ષા સોનિયા ગાંધીએ તેમને મોત કા સૌદાગર કહ્યા હતા. પરિણામ એ આવ્યું કે મોદીએ આ મુદ્દો ઉપાડી લીધો અને તેમના પ્રત્યે લોકોને સહાનુભૂતિની લાગણી ઉભી થઈ હતી.

લોકસભાની છેલ્લી ચૂંટણીમાં કોંગ્રેસના મણિશંકર ઐયરે એવું કહ્યું હતું કે નરેન્દ્ર મોદી ચાય વેચતા હતા અને આજે વડાપ્રધાન બનવાના ખ્વાબ જુએ છે. બસ આ વાક્યની અસર એવી થઈ કે દેશભરમાં નરેન્દ્ર મોદીના સમર્થનમાં ચાય પે ચર્ચા શરૂ થઈ ચૂકી હતી. ભાજપ આજે પણ મણીશંકર ઐયરનો આભાર માને છે—કેમ કે તેમના કારણે મોદી વડાપ્રધાન બન્યા છે. કોંગ્રેસ જ એવાં મુદ્દા આપે છે કે મોદી તેને ઉપાડીને વાયરલ બનાવી દે છે અને ચૂંટણીમાં જીત હાંસલ કરે છે.